# LINC શું છે?

LINC અંગ્રેજી ભાષા શીખવા માટેનો એક તાલીમ કાર્યક્રમ છે, જેને ગવર્નમેન્ટ ઓફ કેનેડાના સિટીઝનશીપ અને ઇમિગ્રેશન ડિપાર્ટમેન્ટ તરફથી નાણાંભંડોળ પૂરૂં પાડવામાં આવે છે.

Peel and Halton (પીલ અને હોલ્ટન), રિજીયનોમાં, LINC ના વર્ગો સમાજ-આધારિત સંસ્થાઓ, શૈક્ષણિક બોર્ડ્ઝ અને કોલેજો તરફથી પૂરા પાડવામાં આવે છે. જેના વડે પીલ અને હોલ્ટન LINC પાર્ટનરશીપ બને છે.

***અમારો ઉદ્દેશ:***

જે વયસ્ક આપ્રવાસીઓ અંગ્રેજી ભાષા શીખવા **અથવા** પોતાની અંગ્રેજી ભાષાનું કૌશલ્ય વધારવા માંગતા હોય, એમને ભાષાના સલાહસૂચન પૂરા પાડવા.

***યોગ્ય ગ્રાહકો:***

- ૧૮ વર્ષ અને એથી વધુ ઉમ્મર ધરાવતા વયસ્કો
- લેન્ડેડ ઇમિગ્રન્ટ્સ (નિવાસી આપ્રવાસી) **અથવા** કન્વેન્શન રેફ્યુજીઝ
- પીલ અને હોલ્ટનમાં રહેનાર, કામ કરનાર,અથવા ઘર બદલીને અહીં આવીને વસનારા વયસ્કો
- ગ્રાહકોએ પોતાના મૂલ્યાંકન કરાવવાના નિયત સમય પર પોતાના ઇમિગ્રેશનના મૂળભૂત દસ્તાવેજો સાથે લાવવા **જરૂરી** છે.

***સેવાઓ:***

મૂલ્યાંકન કરાવવાની મુલાકાતથી ગ્રાહકની યોગ્યતા નિશ્ચિત થાય છે,વયસ્ક આપ્રવાસીઓના અંગ્રેજી ભાષાના તત્કાલિન કૌશલ્યનો નિર્ણય થાય છે, અને ત્યાર પછી એમની જરૂરિયાતોનો યોગ્ય ભાષાકિય તાલીમના પર્યાયની સાથે મેળ કરાવાય છે.

<u>મૂલ્યાંકન કેન્દ્રોનો કામનો સમય:</u>

- સોમવાર થી શુક્રવાર
- સવારે ૮:30 થી સાંજે ૪:30
  *સાંજના સમય અને શનિવારના દિવસના મૂલ્યાંકન <u>પણ</u> ઉપલબ્ધ છે – માહિતી માટે ફોન કરો*

LINC ક્લાસિસ:

- ફુલ-ટાઇમ **અથવા** પાર્ટ-ટાઇમ હોય છે
- સવાર, બપોર, સાંજ **અથવા** શનિવાર અને રવિવારના દિવસોમાં હોય છે
- વાતચીત કરવાના,વાંચવાના,લખવાના અને સાંભળવાના કૌશલ્યના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.
  <u>કમ્પ્યુટર</u> ની મદદથી અપાતી ભાષાની તાલીમનો પણ સમાવેશ કરવામાં આવે છે
- **અક્ષરજ્ઞાન થી સ્તર ૭** સુધી શ્રેણીબદ્ધ
- નીચે દર્શાવેલા સ્થાનો પર પ્રસ્તુત કરવામા આવે છે:
  - Brampton (બ્રેમ્પ્ટન)
  - Burlington (બર્લિન્ગટન)
  - Caledon (કેલેડન)
  - Halton Hills (હોલ્ટન હિલ્સ)
  - Malton (માલ્ટન)
  - Milton (મિલ્ટન)
  - Mississauag (મિસીસાગા)
  - Oakville (ઓકવિલ )

  *આમાંથી અમુક સ્થાનો પર સાર્વજનિક પરિવહન અને / અથવા બાળકોની સંભાળની વ્યવસ્થા કરી આપવામાં <u>આવી શકે છે.</u>*

જે લોકો LINC નાં નિયમિત વર્ગોમાં ઉપસ્થિત ન રહી શકે, એમના માટે Home Study Program (હોમ સ્ટડી પ્રોગ્રામ) ઉપલબ્ધ છે.
બધિર અને બરાબર ન સાંભળી શકતા ગ્રાહકો માટે પણ અંગ્રેજીના વર્ગો ઉપલબ્ધ છે.